શ્રી દ્વારકેશો જયતી.

વિધવા વિલાપ.



કર્તા

મગનલાલ મોતીલાલ.

બહેરપુર.

પ્રકાશક

શા. ભોગીલાલ કીલચંદ.

હાથીજણ સ્કુલ માસ્તર.

સંવત ૧૯૭૫ સને ૧૯૧૮

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં હીરાલાલ વસંતરામે છાપી

૪ ૩ ગીનીરોડ, અમદાવાદ

કીંમત રૂ ૦-૧-૦.

પ્રસ્તાવના.

સર્વે સદ્ ગૃહસ્થો ને પ્રિય પાઠકો ! આવા નાના ગ્રન્થને પ્રસ્તાવનાની જરૂરજ નથી, છતાં સહેજ લખું છું કે આપણા પ્રિય દેશમાં ઉન્નતિને બદલે અવનતિ થયા કરે છે. મહાશયો ! આપને માલમ તો હશેજ કે હિંદમાં ઘણા વખતથી ક્રૂર રિવાજો જેવા કે "બાળલગ્ન" અરે આવા દુષ્ટ રિવાજોને દૂર કરવાને મહાન્ કવિઓની વાણી પણ અસર કરી શકી નથી તેમજ નામદાર મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ સરકાર એઓએ પણ આવા ક્રૂર રિવાજોને દૂર કરવાને ઘણો પ્રયાસ કર્યો છે, પ્રભુ તેઓનો પ્રયાસ સત્વરે સફળ કરો, એવી શ્રીહરિ પ્રત્યે સદાને માટે મારી નમ્ર પ્રાર્થના છે. અસ્તુ સંવત ૧૯૭૪ ના ધોઝારા પ્લેગથી ભાગ્યે કોઇકજ ગામ બાકી રહ્યું હશે, તેમાં વિશેષે કરીને બાળ વિધવાઓનો ખેદજનક દેખાવ માલમ પડશે. શું આ આપણા સર્વોપરિ હિંદની સ્થિતિ થવી યોગ્ય છે કે શું ? ના ના, યોગ્ય નથીજ. પ્રભુ સુધારો થવા સત્વર સર્વે સુજ્ઞોને મતિ આપો, અને બાળલગ્ન જેવા દુઃખદ પ્રસંગને અટકાવો એવી આ લેખકની જીજ્ઞાસા છે. એક દેખીતો દાખલો લઇ "વિધવા વિલાપ" નામનો લઘુ ગ્રન્થ મારી અલ્પ મતિને અનુસરીને આપ મહેરબાનો આગળ રજુ કરૂં છું, તેમાં જે કાંઇ ભૂલચૂક કિંવા વાક્ય ફેરફાર માલમ પડે તો સુધારી વાંચવા તસ્દી લેશોજી એવી આશા છે. અસ્તુ.

લી.

લેખક કવિ એમ. પાઠક—બદરપુર.

શ્રી દ્વારકેશેશ જયતિ.

વિધવા વિલાપ.

ગીતિ.

અજ પુત્રી આરાધું, શંકર ચરણુ રહું શિર નામી;
લઘુ ગ્રન્થ આ લખવા, આપો બુદ્ધિ સુદ્ધિના સ્વામી.

શાર્દુલ.

આપો સહાય તો થાય કાર્ય હે વિભુ, યાચું હું વિશ્વંભરા;
વ્યાપક આપ આ વિશ્વમાં છો બધે, આધાર તારે ધરા.
નામુ શીશ હે ઇશ તુજને સદા, માગું છું તારી કને;
દુહિતા દુઃખ દર્શક દરશાવવા, આપો મતિ સુમને.
આવે સંકટ જો તે વિષે કંઇ મને, કૃપા કરી કાપજો;
લાગે હ્રદય રસિક સમાજને, વાણી તેવી આપજો.
બુદ્ધિ બાળકરૂપ આ હ્રદયમાં, ખોલે ખીલાવે હરિ;
જાણીને હે નાથ અનાથ મુજપે, કરજો કૃપા જરી.
રાખું છું આશા હું ઉર મહી છતાં, તુજ કૃપાથી બને;
જાણી વાણી વિમળ પાઠક કહે, આપો પ્રભુજી મને.

मनुष्य चिंतितं कार्यं दैवं अन्यथा चिंतयेत् ॥ મનુષ્ય ધારે છે શું અને ઇશ્વર કરે છે શું? જો મનુષ્ય યત્ન અને ઇશ્વર કૃપા અનુકૂળ હોય તોજ સર્વ વાત બને. નહિતર મહાન્ ગંભીર વિચાર શક્તિમાન્ પુરૂષ પણ પ્રસંગ આવે સંસાર સમુદ્રમાં પડતાં પોતાની સ્મૃતિને વિસારી નેતાં વાર કરતાજ નથી. થવું ભાવિ ને દોષ દૈવને

નકામોજ છે. મારી મનોવૃત્તિઓ અનાયાસે સ્ફુરતી કુંપળીઓ માફક ખીલતી હતી તે એકાએક કોણ જાણે કેવા સ્થળે અદૃશ્ય થઇ ગઇ તેનો હવે પુનઃ મેળાપ થતોજ નથી—ખરેખર સમયસૂચકતા એજ મનુષ્ય યત્ન, ભલે ભવિષ્યે હશે તે કોણ મીથ્યા કરે તેમ છે. યત્ન કરતાં ઇશ્વરી કૃપા સાનુકૂળ કેમ નહિ બને ? બનશેજ. અરે બન્યું તેનો જરા જુઓ. હું એક દ્દીજ દુહિતા છું મારી ઉમર અગિયાર વર્ષની છે છતાં થતાં દુઃખોને દૂર કરવા કોણ શક્તિમાન છે ? ભલે ભાવિ આવીજ તારી મરજી છે તો ભલે. પ્રિય પાઠક ! હવે હું શું કહેવાને આતુર છું તે તરફ લક્ષ આપવા જરા તસ્દી લેશો એવી આશા રાખું છું અને દુઃખના દિવસ દાખું છું.

લાવણી.

સુણો સૌ નરનાર ખરી મન પ્યાર કહું વિસ્તારી,
વાંચીને હૃદયે ધરશે વિનતી મારી:
હતો અતિ મનમાં પ્યાર છતાં શણગાર લીધો સૌ કાઢી,
ગયા વિકટ વનમાં પતિ વિખુટા પાડી.
મને નવ વર્ષની કરી માતાએ ખરી, પછી પરણાવી,
હું પિયેર તજીને તુરત સાસરે આવી;
છે ખરેખરી આ વાત બનેલી જાત કહું કરજોડી,
પરણાવો નાની નહિ પોતાની છોડી.
ચુંમોતેરની સાલ કહું છું હાલ બન્યા જે મારા,
કેમ કરી જશે આ દિન અરે દુઃખિયારા.
સાસુ જનેતા સમાન મને નહિ ભાન છતાં સુખ આલે,
પણ વાંકો દીન ઉદયો દૈવ કોનું ત્યાં ચાલે;
સજ્જનો સાંભળો સૌ વિનવી કહું કોઇ શિખામણ લેજે,
એક બદરપુર નિવાસી પાઠક તો કહે છે.

પ્રિય વાંચક ! કહેવત છે કેઃ—

" જમ્યાથી જોયું ભલું, સૌ જાણે સંસાર;
જમ્યા ને જોયું નહિ તો, જીવતરને ધિક્કાર.

માટે આ તરફ જરા દૃષ્ટિ કરો, શ્રમ તો પડશેજ; પરંતુ દુહિતા દુઃખદર્શક દેખાવ નજરે આવશે.

લાવણી.

હવે કહું છું બીજી વાર સૌ શણગાર ઉતારી લીધો,
મને બાળાપણ રંડાપો પ્રભુ શું દીધો;
કરગરી કહું મેં નાથ માહરા હાથ શીદને ઝાલ્યા,
મને રોતી મૂકી રાન કંથ ક્યાં ચાલ્યા.

હું દારા થઇ ગઇ દીન વિના જળ મીન હૃદયમાં ધરશો,
કરજોડી કહું છું ના 'બાળલગ્ન' કોઇ કરશો;
પૈસાની પડેલી તાણ હશે પિતાને જાણ કેર આ કીધો,
મને બાળાપણ રંડાપો પ્રભુ શું દીધો.

તેથી મુને પરણાવી સાસરે આવી હતી છેક નાની,
તે સાસરીઆમાં કહો શરમ રહે શાની;
માટે વિચારો માહરૂં કહું છું સારૂં કુળ ઉર ધરશો,
કરજોડી કહું છું ના બાળલગ્ન કોઇ કરશો.

કરી ગયા મુજ કંથ ઉજડ સૌ પંથ ભીતિ છે ભારી,
હું નાની વયમાં છું નાર વલે કોણ મારી;
દુઃખિયારી દુહિતા તણી દીલમાં જરી દયા તો ધારો,
પૈસાના લોભી પીતા તને ફીટકારો.

શું સ્વાર્થ [illegible] બીજું કહું કે અરે! હવે કંઈ રહ્યુંજ નથી. સ્વાર્થને માટે [illegible] શું શું કરે છે? અને નવ વર્ષનીજ ઉંમરે પરણાવીને [illegible] ની કે સાસરે આવી સુખો- [illegible] પતિએ પરલોક જવાને તૈયારી કરી માડું [illegible] અને નિષ્ફળ થયું. પ્રથમ પિતાનો અથાગ પ્રેમ હતો છતાં પૈસાના લોભે અંધ બની મને નિરાધાર કરી પોતાની પ્રેમ છાયામાંથી ખસેડી મૂકી.

પિતાની પ્રેમ પુત્રી હું અરે છું સાસરે આવી
વળાને મુજને માડી જુઓ ભાવિ ભૂલાવે છે
હશે ભાવિ અહીં આવી પિતાની પ્રેમ પુત્રી હું
હતી વહાલી હું પિતાને હતી માતા દયાળુરે
નથી ખાવા નથી પીવા નથી રહેવા રવા દીધું
અરે છું સાસરે આવી પિતાની પ્રેમ પુત્રી હું

હું અત્યંત પ્રેમમાં ઉછરેલી, પરંતુ પિતાનો તે અથાગ પ્રેમ પૈસાના લોભ વડે કરીને ભાગ્યુ જાણે કયે ઠેકાણે અદ્રશ્ય થઇ ગયો સ્થાવર જંગમ કબજે કરી મને સાસરે મોકલી અરે હાયપિતા હાય! મારી આતે શું સ્થિતિ કરી.

હરીગીત છંદ.

હું દીન છું જેમમીન જુઓ તરફડે છે જળ વિના
તેવી થઇ મારી દશા કોને કહું જઇને બીના
પરહરી મુજને પતિ પરલોક છે સીધાવીયા
જે હશે કર્મના લેખ શિરે દુઃખના દીન આવીયા

સાસુ નહિ સસરા નહિ દીએરતો દેખું નહિ
જેઠ પોકયા ઠેક માગ કર્મનુ લેખુ કહી
ખોખું કરી ચોકખું બધું વાળી ઝુડીને સાફરે
પછી પરણાવી મુજને પિતા તણો પરતાપરે
એકે નથી આધાર હુ દીન દુહીતા દીલ ધરે
પાઠકનો પોકાર એ ના બાળ લગ્ન કોઇએ કરે.

પ્રિય વાંચક—જે વૃક્ષને મૂળ નથી તે કેટલી વાર સુધી ટકે તેમ છે અરેરે સાસુ સસરા કે જેઠ વગેરે કોઇની પણ મારે ઓથ રહી નથી, ઓથ વિનાજ લોથ વળવાની. અરે ! ઓ અભાગી પિતા તારો પ્રથમનો પ્રેમ ક્યાં ગયો ? તેમ તું આવો નિર્દય શું થયો.

ગજલ.

જુઓ આ પ્રેમ પિતાનો હતી વહાલી હુ પિતાને
છતાં શું શિર આ મારે અરે પિતા ગુજારે છે
દયા ના દીલમાં ધારે પાપીને પ્યાર પૈસાનો
અરે દુઃખી થશે બાળા ધરી ના તે તણી પરવા
હતી વહાલી અરે માના દયાળુ દેવના જેવા
છતાં હાલત અરે મારી કરી બુરી જુઓ કેવી
નહિ પિતા અરે પાપી ભલું થાશે નહિ તારૂં
હતી વહાલી હુ પિતાને છતાં આ શું કર્યું મારૂં
અરે ધિક્કાર અરે ધિક્કાર હજારો વાર ધિક્કારો
બાળાપણમાં મને બાળી જશે આ કેમ જન્મારો
ભલા નહિ ભોમ સંઘરશે પ્રેમી પાઠક કર્તા કહે છે
દુઃખી થઇ દીન દુહિતા દિલાસા દુઃખના દે છે.

ધિક્કાર છે, ધિક્કાર છે ! આવા સ્વાર્થ અંધ પિતાને હજારો વાર ધિક્કાર છે. સ્વાર્થને અંતે દુહીતાનેજ દુઃખ શ્રીહરિ શું આવા નિર્દય પુરૂષો શિક્ષાને પાત્ર નથી. બાળા—હવે કંઇ પૂર્વના લેખ જે વખતે મારા પિતાયે સંસારની છેલ્લી સ્વારી કરી તે વખતે મારા સામું જોઇને કંઇ કંઈ તર્કવિતર્ક કરતાં ઉંડા નિસાસા નાખતાં દુઃખમાં વધારોજ થતે હતો જેથી અશ્રુદ્વારા જળબિંદુ બહાર નીકળી જાણે તેમના ચળકતા હૃદયને શાન્તિ આપતાં ન હોય ? તેમ અનુમાન થતાં હું તેમની પથારી પર ગઇ. આ વખતે ઉજ્જડ ગૃહમાં હમારા બેજણુ વિના કોઈ હતું નહિ, જેથી જરા ધીરે રહી મેં મારા પીડિત પતિને પ્રશ્ન કર્યો.

રાગ વાંસલડી.

સ્વામિ છો શું સુતા સ્વર્ગ સદનના સંદેશા કોણુ લાવશે
રોતી રામા ગણે મૂકી મારગ ઝાલ્યો તે કેમ ફાવશે—ટેક.

તમ શિતળ જેવું આ અંગ અરે
આજે ફરકે છે લોચન મારૂં ખરે
કે શું દૈવ રૂઠયો આ દીન પરે—સ્વામિ

હતો પ્રેમ મારા પર જેહ અતિ
છતાં આજ ફરી છે કેમ મતિ
બોલો બોલો કંઇ મારી વતી—સ્વામિ

બોલાવું છું છતાં નવ બોલો અરે
કે શું રિસાયા છો મુજ પરે
તમ નેત્રો થકી કેમ નિર ઝરે—સ્વામિ

નવ, ફીકર મારી કરશો જરી
બાળલગ્ન તણી આ વાત બળી
આવી માઠી દશા મુજ શિર ઠરી—સ્વામિ

હું છું દારા તમારી દીન ખરે
બોલો કંઈક દયા હોય દીલ જરી
કે છે પાઠક પૂછ્યું પ્રેમ ધરી—સ્વામિ

મારેજ માટે અરે પ્રભુ શું તું તારા બાળાને જવા દેશે ? વહાલા આ મન કરો.

ભૂલે નહિ ભાવિ કદી લખ્યું બેવિધે થાય છે
આશ્વાસન આ આપતાં દારા દીલ ગુંચાય છે

પ્રિય પત્ની ! આમ શા માટે દીલમાં ગુંચાઓ છો પ્રભુ તમોને સત્વરે આરામ કરે મારાથી આપનું આ દુઃખ સહન થતું નથી. આ શબ્દ થતાંજ નેત્રદ્વારા જળ વહેવા લાગ્યું કે સુતેલા પરૂષનું શક્તિત્વ પુનઃ આવી પોતાની અનાથ પત્ની પતિને કહેવા લાગ્યું

લલને ! લાવ તારો કોમળ હસ્ત હવે છેલ્લી વાર મને સ્પર્શ કરવા દે વહાલી પ્રીય શું કહું સ્વામિ આમ ન કરો તમોને દુઃખ જામી જશે શશીવદની શાન્ત થા. તને મારા સોગન છે શોમા મારા જેવા હીનભાગી ના સહેવાસમાં પડતાં તારા જેવી કોઈ લાંગી અરે ? ફુલકળી ખરેખર કરમાવાનેજ માટે તૈયાર થઇ છે. બીહીશ મા બાળા બીહીશ મા.

દૈવજ રૂઠયો જે કરે બીજાથી બનશે નહિ,
નિમિત્ત મીથ્યા આપવું એ સ્વાર્થમય દુનિયા રહી;

ઉગેલું સૌ આથમે ખીલ્યું ખરે કરમાય છે,
પડશે છાયા સર્વજો જન્મેલું તે જાય છે.

મરવાને માટે મને ધાસ્તી નથી સુખને દુઃખ સરખી મિત્રતાનો હક ધરાવે છે પરંતુ સુંદરી છેક લાચાર છું લાગણી માત્ર તારીજ એ અમાતા ભાગ્યે અમૂલ્ય રત્ન પ્રાપ્ત થએલું તે નિરાધાર અરે અનાથ અબળા થશે તેનું કારણ માત્ર બાળલગ્ન. અરે ક્રૂર રિવાજ તારો. પંજો હવે હિંદ પરથી ઉઠાવી લેવા કૃપા કર હું અમુઝાઉં છું તેનું કારણ માત્ર તુંજ છે.

રાગ બાનાનીપત.

તું મન માંહે વિચાર વનિતા તું મન માંહે વિચાર
જાવું હવે હું હજુર હરિના (૨) છોડીનેરે સંસાર—વનિતા
હું તારે મન તુચ્છ હશે પણ (૨) તું મુજ હૈયાહાર—વનિતા
હું નિ[illegible] ના તું અપરાધી (૨) નજ [illegible] ઘણો પ્યાર—વનિતા
પ્યાન [illegible] (૨ [illegible] —વનિતા
તુજ પિતાએ [illegible] (૨ [illegible] કરી [illegible]—વનિતા
તેહ [illegible] (૨) [illegible]—વનિતા
હાય [illegible] (૨) [illegible]—વનિતા
હોય [illegible] (૨) [illegible] કાળ—વનિતા
પાડેક [illegible] (૨) [illegible]—વનિતા

લલને ડરીશ નહિ ભવિષ્યમાં હો તે થશે મારી મનોહર પ્રિય મને ક્ષમા કરજે તારો સંગ કરી દુખમાં [illegible] કરું છું

, અરે, મે આપની અબળા થઇ અપરાધ કંઇ કીધો હશે
કરી ઘાત નિશ્વાસનો રે, છેક કંઈ દીધો હશે

જેમ દુષ્યન્ત રાજાએ શકુન્તલા જેવી મહાન્ સતિનો ત્યાગ કર્યો હતો તેમ અરેરે પ્રિય પતિ તમો પણ આમ છેક નિર્દય થઇ મને તજીનેજ ચાલ્યા અરે હાય કોઇ દોડો.

રાગ શ્રીજી મહારાજ.

જાણી દીન આવો કોઇ દયા દીલ લા......વો
દયા દીલ લાવો આ દુઃખથી બચા......વો—જાણી.
કેર થયોછે જે એળે ગયોછે અવતાર મારો તેને સુધા...રો
તેને સુધારો કોઇ દયા દીલ ધા......રો—જાણી.
બાળા તમારી ના પામે દશા મા......રી
ધારીને સારી રીતે લેજો સુધા......રી
લેજો સુધારી એ દીન દાદ મા .....રી—જાણી.
શરણ તમારે હું પડીશું આવા......રે
મારે કેવાનું કુચાલ સુધા......રો
કુચાલ સુધારો એ પોકાર હમા......રો—જાણી.
પડી પર હાથે હું નાથે તજે......લી
મેલી વન બેલી નથી હવે કોઇ મા......રૂ
હવે કોઇ મારૂં માનો થાય સા......રૂ—જાણી.
પાઠેક પોકારે છે ચઢો કોઇ વા......રે
ધારી દયા દીલ લેજો સુધા .....રી
લેજો સુધારી એ દીન દાદ મા......રી—જાણી.

પિતામાતા અરે પ્રેમાળુ પિતાં અને હેતાળુ માતા તમે મારૂં શું થશે તેનો ખ્યાલ સરખો પણ નજ કર્યો. શું કરે મા બાપ શું કરે તે તો દલાલ ખરેખર દલાલ અરે દલાલ કેવા.

દલાલો દુષ્ટ દેખીને ડરે છે શેઠીઆ સારા,
બનેના ભાવ ન્યાં કંઇએ બગાડે માલ મૂડીને;
કુંભારી ચાક વાંકો તો માટીનો દોષ મિથ્યા છે,
વેપારી જે વખણાતો ઘરાકો ખમ ત્યાં આવે.
બનાવે મેહલ માટીનો ઉપરથી છાજ નાખે છે,
નદીમાં નાવ ભાગે ને ઝાલે ત્યાં જુઠજો આવી;
નથી બચવા તણું બારૂં ફોગટ ફાંફાં શું મારેછે,
અરે આશા અરે આશા કર્યા આ શા તમાસા તેં.
કરીને કામ હાથેથી ભવિષ્યે દોષ દેવાનો,
સુધારો સજ્જનો કાંઈ પ્રેમી પાઠક તો કહે છે.

સર્વેશ્વર શું મારી આ સ્થિતિ થવી યોગ્ય છે ભલે જેમ થશે તેમ ભલે પરંતુ વહાલા માતપિતાએ પ્રથમ દિવસના ચોર બની સર્વસ્વ હાથ કરી લીધું ત્યારેજ વિમાસવાનું છે મારી હવે કોણ ગતિ પિએર પણ ખાલી માતપિતા અરે, સાસરમાં પણ કોઇ નથી.

અરે માતા પિતા મારા અને સ્વામિ ગયા સ્વર્ગે
નથી કંઇ આશરો મારે હવે હું એકલી રહી છું;
વિચારો વીર જ્ઞાતિના તમોને વીનવી કહું છું,
બળાપો બાળલગ્નનો અરે વિક્રય થકી મોટો.
અરે ઓ ઇશ મારા રે દયા તું દીલમાં ધરજે,
અરે આ હિંદની માંહે સુધારો પ્રેમથી કરજે;
કરી મોટી હતે મુને પછી જો હોત પરણાવી,
અરે આ બાળલગ્નથી બન્યું કેવું જુઓ ભાવિ.
હવે હું દીન થઇ દારા દિલાસા દુઃખના દઉં છું,
વિચારો વીર જ્ઞાતિના તમોને વીનવી કહું છું.

પ્રિયવાંચક—પ્રથમ તો મારા પર માત પિતાનો અસંત પ્રેમ છાયા કરી રહ્યો હતો પરંતુ (જર દેખી મુનિવર ચળે) પૈસાના લોભથી મારાં માત પિતાએ મને પરણાવતાં કશું પણ વિચાર ન કર્યો. હવે મારૂં શું થશે તેનો ખ્યાલ પ્રિયવાચક આપજ કરી લેશો. મરતી વખતે મારાં માત-પિતાએ મારા માટે ઘણું એ કલ્પાંત કર્યું પરંતુ ॥ गतंन शोचनयिम ॥

ઉજ્જડ ખેડા ફાડસે નિર્ધનીયા ધની હોય,
ગયાન યોવન સાંપડે મુવાન જીવે કાય.

ઉજ્જડ થઇ ગએલી જગ્યાએ ફરી વસ્તી થાય નિર્ધન માણસ કાળે કરી ધનવાન થાય પરંતુ ગએલું યોવન ને મરણ પામેલું માણસ ફરી મળી શકતું નથી. તેમજ

સંપત ગઇ તે સાંપડે, ગયા વળે છે વાન;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

ગએલી સંપત મહેનતવડે મેળવી શકાય છે ને મંદવાડે કરી થએલું દુર્બળ શરીર ઉપચારો યોજવાથી પુષ્ટ થાય છે પણ ગએલો વખત ને પ્રાણ કોટી ઉપાયે પાછા મળતાજ નથી. માટે હે સુજ્ઞ સમાજના હિતેચ્છુઓ હવે મારે માટે કલ્પના ન કરો ઉપર કહેવા પ્રમાણે ગએલી વસ્તુનો શોક કરવો એ વૃથા છે.

મારી જે થવાની હતી તે થઇ પરંતુ આપના સુકોમળને લાડમાં લાડમાં ઉછેરેલાં કોમળ બાળકોપર રહેમ રાખી બાળલગ્ન અટકાવો એજ મારી અત્યંત નમ્ર વિનતિ છે. અસ્તુ.

પ્રિયપાઠક તરફથી માફ કરજો હવે હું જાઉંછું ને ફીનદુહીતા બેગી આઉંછું ઇચ્છા હોય તો આનંદ આ તરફ છપાય છે.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર ગ્રહસ્થોનાં નામ.

પ્રત.	નામ.
	લસુંદ્રા
૫	શા. જેઠાલાલ વલ્લવદાસ.
	હાથીજણ.
૧	મુખી નાથાભાઇ શામળદાસ.
૧	પટેલ ચેલાભાઇ ભાઇજી.
૧	પટેલ બહેચરભાઇ કેવળદાસ.
૧	પટેલ ચેતનભાઇ રણછોડદાસ.
૧	પટેલ મગનલાલ જેશીંગભાઇ.
૧	પટેલ ઇશ્વરદાસ શામળદાસ.
૧	શા. મોહનલાલ ઘેલશા
૧	પટેલ જીજીભાઇ ગીરધર આ૦ માસ્તર.
૧	જાની મોહનલાલ છગનલાલ.
૧	તલાટી અંબાલાલ લલ્લુભાઇ.
	પાલુંદ્રા.
૧	શા. નાથાભાઇ ખોડીદાસ.
૧	શા. કેશવલાલ ગોપાળદાસ.
	આતરસુંબા.
૧૫	મોહનલાલ છગનલાલ ગાંધી.
૧	મુળચંદ નાથજી ગાંધી.
૧	અધ્યારૂ શંકરલાલ ગણપતરામ.
૧	દાણી મણીલાલ માણેકલાલ.
૧	ગાંધી ચીમનલાલ કેશવલાલ.
૧	શા. કેશવલાલ ભુધર.
૧	સોની સાંકળચંદ નાથજી.
૧	શા. માણેકલાલ છગનલાલ.
૧	પોપટશેન હરગોવન મોહનલાલ.
૧	ધનજીભાઇ ખોડાભાઇ.
૧	ગોર અંબાલાલ નરભેરામ.
૧	ક્ષત્રિ ગીરધરલાલ મગનલાલ.
૧	ગોર મોહનલાલ નરભેરામ.
૧	શા. અંબાલાલ લલ્લુભાઇ.
૧	શા. કુબેરચંદ સાંકળચંદ.
૧	મોદી મથુરદાસ ગોકળદાસ.
૧	મોદી શંકરલાલ અંબાલાલ.
૧	ભીખાભાઇ મગનલાલ.
૧	મણીલાલ ભીખાભાઇ.
૧	ભાવસાર કેશવલાલ ભાઇચંદ.
૧	ત્રવાડી ગભરૂભાઇ ઇશ્વરભાઇ.
૧	શા. કેશવલાલ નરોતમદાસ.
૧	ગાંધી મુળજી નાથજી.
	હિસોર.
૧	રાવળ અંબાલાલ ત્રીભોવન આ૦ માસ્તર.
૧	પટેલ મોતીલાલ કાળીદાસ આ૦ માસ્તર.

પ્રત. નામ.

કનીપુર.

૧ ગાંધી નાથજી ખુશાલ.
૧ ગાંધી મણીલાલ નાનચંદ.
૧ ત્રવાડી સાંકળેશ્વર અમથારામ.
૧ પટેલ ભલાભાઇ વિઠલદાસ.
૧ ગઢવી ભલાભાઇ
૧ શા. ખુશાલદાસ છગનલાલ.
૧ શા. ભુરાભાઇ મગનલાલ.
૧ શા. રતનચંદ ખેમચંદ.
૧ રાવળ મણીલાલ મનસુખરામ કન્યાશાળા–માસ્તર.
૧ પટેલ મરઘાભાઈ છત્રાભાઇ આ.–માસ્તર.
૧ પટેલ અંબાલાલ ઇશ્વરભાઇ આ.–માસ્તર.
૧ પટેલ ફકીરભાઈ ચતુરભાઇ.

હુળદરવાસ.

૧ શા. અંબાલાલ દામોદર.
૧ શા. ડાહ્યાલાલ ગીરધર.
૧ શા. અંબાલાલ નાથજી.
૧ શા. સોમાલાલ મહોલાલ.
૧ શા. મણીલાલ ભગવાનદાસ પહાડા
૫ શા. માણેકલાલ ભાઇચંદદાસ. વાળા
૧ શા. છોટાલાલ મોતીચંદ.
૧ શા. જેઠાલાલ લલુભાઇ.
૧ મોદી અંબાલાલ છગન.
૨ ઠક્કર ડાહ્યાલાલ હરજીવન.

પ્રત. નામ.

૧ દરજી બેચર ઓતમ.
૧ સુનરીયા અંબાલાલ છગન.
૧ ભાવસાર આદિતરામ પરસોત્તમ.
૧ પંડયા. રણછોડલાલ ગીરજાશંકર
૧ શા. સોમાલાલ ઇશ્વર.
૧ શા. છોટાલાલ ઘેલશા હાથશેલી
૧ શા. છોટાલાલ હીરાચંદ.
૧ મહારાજ રામચંદ્ર ફકીરપારામ
૨ શા. બુધાલાલ લલ્લુભાઇ.
૧ શા. મણીલાલ મગનલાલ.
૧ શા. મણીલાલ ગીરધર.
૧ શા. રતીલાલ શિવલાલ.
૧ શા. જેઠાલાલ ચતુરદાસ.
૧ શા. કેશવલાલ સોમાલાલ.
૧ મોદી અંબાલાલ મગનલાલ.

કઠલાલ

૧ ભાવસાર કુબેર મગનલાલ.

મહેમદાવાદ.

૧ શા. છોટાલાલ મળજી.
૧ શા. સાંકળચંદ ભોગીલાલ.
૧ શા. શંકરલાલ છોટાલાલ.
૨ શા. ગોરધનલાલ મગનલાલ.
૧ ઠાકર ખોડાભાઇ જીભાઇ બદરપરવાળા.

ઘોડાસાર.

૧ શા. જીવણલાલ જેચંદદાસ બીના ગાડવાના વેપારી.

પ્રત.	નામ.
૧	શા. મનસુખ છોટાલાલ.
૧	શા. શંકરલાલ નાથજી.
૧	શા. સાંકળચંદ અંબાલાલ.
૧	શા. મોહનલાલ દલસુખ.
૧	મહેતા કેશવલાલ હરીવલ્લવ.
૫	શા. ચતુરદાસ ત્રીભોવનદાસ.
	અલીણા.
૧	શા. મણીલાલ માણેકલાલ.
	ટેબલા–કાણીયલ.
૨	શા. રણછોડ પાનાચંદ.
	કપડૂપર.
૨	શા. સાંકળચંદ લલુભાઇ.
૧	શા. માણેકલાલ છગનલાલ.
	કાકરખડ
૧	શા. ભીખાલાલ હરજીવન.
૧	શા. ઓછવલાલ રાયચંદ.
૧	શા. જેઠાલાલ ભોગીલાલ.
૧	મંગળભાઇ રમતુજી સ્કુ, માસ્તર.
	ચાંબલા.
૧	શા. મણીલાલ ઓછવલાલ સ્કુલ માસ્તર.
	છીપડી.
૧	શા. શોમાલાલ ગીરધર.
૧	શા. છોટાલાલ રાજારામ.
૧	શા. છગનલાલ મનસુખ.
૧	શા. ચુનીલાલ સાંકળચંદ.

પ્રત.	નામ.
	કાણીએલ.
૧	શા. કેશવલાલ મહોલાલ.
૧	શા. મગનલાલ મથુરદાસ.
૧	શા અંબાલાલ શંકરદાસ.
	છીપીઆલ.
૧	શા. ગોરધન ગોકળદાસ.
૧	શા. શનાભાઇ સાંકળચંદ.
	ચરડ.
૧	શા. સોમાલાલ છગનલાલ.
૧	શા. ઓછવલાલ અંબાલાલ.
	ખડાલ.
૧	શા. મોહનલાલ જેઠાલાલ કોઠારી
૧	શા. માણેકલાલ કાળીદાસ.
૧	શા. ચીમનલાલ મહોલાલ.
૧	શા. ત્રીભોવન કાળીદાસ.
૧	શા. ગોરધન મહોલાલ.
૧	શા. શોમાલાલ મહોલાલ.
૧	શા. ચીમનલાલ જેઠાલાલ.
૧	શા. સોમાલાલ ભોગીલાલ.
૧	શા. બાપાલાલ જેઠાલાલ.
૧	શા. મણીલાલ કાળીદાસ.
૧	શા. મોહનલાલ મગનલાલ.
૧	શા. મંગળદાસ ગોકળ.
૧	શા. સાંકળચંદ જેઠાલાલ.
૧	શા. ચુનીલાલ મથુરદાસ.
૧	શા. હરગોવન હરિવલ્લવ.
૧	શા. હરગોવન સાંકળચંદ.
૧	શા. મણીલાલ નારણદાસ.
૧	શા. ગીરધરદાસ છગનલાલ.

પ્રત.	નામ.
૧	શા. મગનલાલ મગનલાલ.
૧	રતનલાલ મનસુખ ભાવસાર.
૧	અનોપસીંગ ખારગીઆં ભગવાન.
૧	ભટ મોતીલાલ કરપારામ.
૧	શા. સંકરલાલ ડાહ્યાભાઇ.

અમદાવાદ.

પ્રત.	નામ.
૫	શા. દાન રણછોડ.
૫	શા. અમથાલાલ છોટાલાલ.
	શા. કેશરીસંગ જગનનાથ.
૨	શા. જમનાદાસ ભગવાનદાસ.
૧	શા. પરસોતમ દ્વારકાદાસ.
૧	શા. મથુરદાસ મુળચંદ.
૧	શા. અંબાલાલ ભુદરદાસ.
૧	શા. મથુરભાઇ મનસુખ.
૧	શા. જેઠાલાલ દીપચંદ.
૧	શા. કેશવલાલ ભોગીલાલ.
૧	શા. ફુલચંદ પ્રેમચંદ.
૧	શા. મુલજી ગોરધન.
૧	શા. સોમાભાઇ વલવદાસ.
૧	શા. જેચંદદાસ વરજલાલ.
૧	શા. જેચંદદાસ દામોદર.
૧	શા અંબાલાલ હરગોવન ભગત

પ્રત.	નામ.
૧	જોશી, શંકરલાલ રણછોડ.
૧	પટેલ.નાથાભાઇ બહેચરદાસ.
૧	બારોટ. પ્રહેલાદ ભાવસીગ.
૧	સુનાર મોહનલાલ આદીતરામ.

ધમીજ.

પ્રત.	નામ.
૧	શા. શંકરલાલ હરજીવન.
૧	શા. વાડીલાલ દોલતચંદ.

દ. ચીચાંની મુવાડી

પ્રત.	નામ.
૧	સોમાલાલ નાગજી શા. પં. આ.

ભાનેર

પ્રત.	નામ.
૧.	શાહ પુંજાલાલ ઇશ્વરદાસ.

નડીઆદ.

પ્રત.	નામ.
૧	શાહ ડાહ્યાભાઇ મગનલાલ.

પાટનાકુવા

પ્રત.	નામ.
૨	મફતલાલ પુરૂષોતમ સીતારા સ. શુ. શા. શ.
૧	શા. મોહનલાલ જમનાદાસ પે. આ.
૨	શાહ રાયચંદ અમુલખ.
૧	શાહ કેશરદાસ હરગોવન.
૨	ડાહ્યાભાઇ વાડીલાલ સોની.

જાહેર ખબર.

પ્રેમનું પંખી. કીંમત રૂ. ૦-૨-

વિધવા વિલાપ. કીંમત રૂ. ૦-૧-

ટપાલ ખર્ચ સાથે

મળવાનું ઠેકાણું—

શા. અંબાલાલ હરગોવનદાસ ભગત.

મુ પાટણ

તથા

કર્તા પાસે બદરપુરથી મળશે.

તથા

અધ્યારૂ શંકરલાલ ગણપતરામ.

મુ આનસુણા